| કુલ ગુણ | 100 |
|---|---|

# SAT
## (GUJARATI MEDIUM)

| કેટેગરી |
|---|
| A |

| (SAT-G) | પ્રશ્ન પુસ્તિકા નંબર<br>QUESTION PAPER NO. |
|---|---|
| A | 104465 |

SEAL SEAL SEAL SEAL SEAL SEA

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 90 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |

(1) જલનેતીના અંતે કયુ કર્મ કરવું આવશ્યક છે ?

(A) ત્રાટક (B) ધોતી

(C) નૌલ્લી (D) કપાલભાતિ

(2) પુરુષો માટે બરછીનું મહત્તમ વજન કેટલું હોય છે ?

(A) 825 ગ્રામ (B) 850 ગ્રામ

(C) 900 ગ્રામ (D) 750 ગ્રામ

(3) નીચેનાં કૌશલ્યોમાંથી કયું કૌશલ્ય વૉલીબૉલ રમતનું નથી ?

(A) ટેનિસસર્વિસ (B) સ્મેશિંગ

(C) પાસિંગ (D) દમઘૂંટવો

(4) હેન્ડબૉલના મેદાનમાં ગોલ રેખાની લંબાઈ કેટલી હોય છે ?

(A) 20 મીટર (B) 25 મીટર

(C) 30 મીટર (D) 40 મીટર

(5) બહેનો માટે હેન્ડબૉલના દડાનું વજન કેટલું હોય છે ?

(A) 225 થી 270 ગ્રામ (B) 270 થી 295 ગ્રામ

(C) 295 થી 325 ગ્રામ (D) 325 થી 400 ગ્રામ

(6) કબડ્ડીની રમતમાં લોન મળે ત્યારે વધારાનાં કેટલા ગુણ આપવામાં આવે છે ?

(A) ત્રણ (B) ચાર

(C) એક (D) બે

(7) જૂડોની સ્પર્ધા માટેની મેટના કવરનો રંગ કેવો હોવો જોઈએ.

(A) પીળો અથવા કેસરી

(B) લીલો અથવા લાલ

(C) કાળો અથવા સફેદ

(D) બદામી અથવા વાદળી

(8) બાસ્કેટબૉલ રમતની શોધ કરનાનું નામ શું હતું ?

(A) એચ.સી. બક (B) બેરન ડી. કુબરટીન

(C) ડૉ. જેમ્સ નેયસ્મિથ (D) જેમ્સ વિલિયમ

(9) વિશ્વ ઓલિમ્પિક રમતોત્સવમાં પુરુષો માટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા કયા વર્ષમાં યોજાઈ હતી.

(A) 1936 (B) 1948

(C) 1952 (D) 1932

(10) ફૂટબોલના મેદાનમાં ધ્વજ ક્યાં રોપવામાં આવે છે ?

(A) ગોળ લાઇનની મધ્યમાં
(B) ટચ લાઇનની મધ્યમાં
(C) ગોળ પોસ્ટ પાસે
(D) ચાર કોર્નર ઉપર

(11) ઊંચી કૂદમાં દોડ માર્ગની લંબાઈ ઓછામાં ઓછી કેટલી હોય છે ?

(A) 5 મીટર
(B) 10 મીટર
(C) 15 મીટર
(D) 20 મીટર

(12) કરાટે રમતના મેદાનની લંબાઈ અને પહોળાઈ જણાવો.

(A) 8 મીટર x 8 મીટર
(B) 7 મીટર x 7 મીટર
(C) 8 મીટર x 7 મીટર
(D) 7 મીટર x 8 મીટર

(13) વૉલીબોલની રમતમાં સ્મેશીંગનું કૌશલ્ય ............. છે.

(A) $45^0$ ના ખૂણે માર
(B) વન-લેગ ટેક ઓફ
(C) બ્લોકિંગ ડાઇવ
(D) ઑવરહેડ પાસ

(14) ચક્રફેંક શૈલીના કેટલા ઘટકો છે ?

(A) 3
(B) 4
(C) 7
(D) 9

(15) લાંબીકૂદની સમગ્ર ક્રિયાને કેટલા વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

(16) ખેલાડીના પગની વિસ્ફોટક શક્તિનું માપન કઈ કસોટી દ્વારા કરી શકાય ?

(A) 800 મીટર દોડ
(B) સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ
(C) દડા ફેંક
(D) સીધો ઊંચો કૂદકો

(17) કૃત્રિમ શ્વાછોચ્છ્વાસમાં શેફરની પદ્ધતિમાં દર્દીને કઈ રીતે સુવડાવવો જોઈએ ?

(A) ચત્તા
(B) ઊંધો
(C) પડખા પર
(D) સુવડાવવો નહિ

(18) લાંબી કૂદમાં ઠેક પછી શરીરને કેટલા અંશના ખૂણે ઊંચકવાનું હોય છે ?

(A) $35^0$
(B) $40^0$
(C) $45^0$
(D) $50^0$

(19) 'ડૂક મારવી' કઈ રમતનું કૌશલ્ય છે ?

(A) ખો - ખો
(B) કબડ્ડી
(C) જીમ્નાસ્ટીક્સ
(D) મેરેથોન દોડ

(20) હેન્ડ બૉલમાં ગોલ રેખાથી 'પેનલ્ટી રેખા' કેટલા મીટર દૂર સમાંતર દોરવામાં આવે છે ?

(A) 6 મીટર
(B) 9 મીટર
(C) 7 મીટર
(D) 20 મીટર

(21) 30 મીટર દોડ (ઉડ્ડયન પ્રસ્થાન) થી NSTC Test Programme માં શું માપવાનો હેતુ છે ?

(A) ઉછાળ શક્તિનું માપન
(B) ખભાની તાકાત અને ધડનું ગતિ-સુમેળ
(C) પગની વિસ્ફોટક શક્તિનું માપન
(D) વધુમાં વધુ ગતિનું માપન

(22) કબડ્ડીમાં લંઘન રેખાને સમાંતર અને અંત રેખા તરફ લંઘન રેખાથી 1.00 મીટર (મધ્ય રેખાથી 4.00 મીટર) દૂર દોરેલી રેખા કઈ રેખા તરીકે ઓળખાય છે ?

(A) પ્રતીભા પ્રદેશ
(B) પ્રાંગણ (Court)
(C) બોનસ રેખા (Bonus)
(D) ટક્કર પટ્ટી (Lobby)

(23) ગોળા ફેંકમાં ઉભણી વખતે ગોળો ક્યાં રાખવામાં આવે છે ?

(A) ખભાથી દૂર હથેળીમાં
(B) ખભાથી દૂર આંગળીઓ અને અંગૂઠાના ટેકા ઉપર
(C) આંગળા-અંગૂઠાના ટેકે હાંસળી ઉપર ગરદન નજીક
(D) હથેળીમાં અને ખભા નીચે

(24) કયું આસન પેટ ઉપર સૂઈને ન કરી શકાય ?

(A) ભુજંગાસન
(B) ધનુરાસન
(C) શલભાસન
(D) ઉષ્ટ્રાસન

(25) વૉલીબૉલ રમતમાં કયા નંબરના દડાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) છ
(B) પાંચ
(C) ત્રણ
(D) ચાર

(26) 'ફોસ્બરી ફ્લોપ' પદ્ધતિ કઈ રમતની પદ્ધતિ છે ?

(A) વૉલીબૉલ
(B) વાંસ કૂદ
(C) વિઘ્ન દોડ
(D) ઊંચી કૂદ

(27) 6 x 10 મીટર શટલ રન કસોટી દ્વારા શું માપી શકાય છે ?

(A) પગની વિસ્ફોટક શક્તિનું માપન
(B) ઉછાળ શક્તિનું માપન
(C) ઊંચાઈનું માપન
(D) ચપળતાનું માપન

(28) 'કાર્ટ વ્હીલ' કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જિમ્નેસ્ટિક્સ
(B) બૉક્સીંગ
(C) કુસ્તી
(D) મલખમ

(29) 'હવાચલ પદ્ધતિ' કઈ રમતની પદ્ધતિ છે ?

(A) ઊંચી કૂદ
(B) વાંસ કૂદ
(C) લાંબી કૂદ
(D) (સ્ટેન્ડીંગ બ્રૉડ જમ્પ) ખડો લાંબો કૂદકો

(30) પુરુષ સીંગલ્સ લોનટેનિસના વર્તમાન વિમ્બલ્ડન ચેમ્પીયન કોણ છે ?

(A) રોઝર ફેડરર
(B) રાફેલ નડાલ
(C) નોવાક જોકો વિચ
(D) કારલોસ એલ. કરેજ

(31) સરીતા ગાયકવાડ કઈ રમત સાથે જોડાયેલ છે ?

(A) દોડ
(B) ગોળા ફેંક
(C) કુસ્તી
(D) તીરંદાજી

(32) 'બાઈ ચૂંગ ભુટીયા' કઈ રમત સાથે જોડાયેલ છે ?

(A) હૉકી
(B) કબડ્ડી
(C) ક્રિકેટ
(D) ફુટબૉલ

(33) 'હૉકીના જાદુગર' તરીકેના નામનું બિરુદ કયાં ભારતીય ખેલાડીને મળેલ છે ?

(A) મેઝર ધ્યાનચંદ
(B) મિલ્ખા સિંઘ
(C) પ્રરગટ સિંઘ
(D) સુનીલ છેત્રી

(34) વર્તમાન પુરુષ T20 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ કયા દેશની છે ?

(A) ભારત
(B) પાકિસ્તાન
(C) શ્રીલંકા
(D) ઇંગ્લેન્ડ

(35) પ્રાર્થના સભામાં બુધવારે કઈ મુદ્રા કરાવવા શાળાના સમયપત્રકમાં જણાવેલ છે ?

(A) પ્રાણ મુદ્રા
(B) નમઃ સ્કાર મુદ્રા
(C) શંખ મુદ્રા
(D) જ્ઞાન મુદ્રા

(36) રસ્સાખેંચની રમતમાં દોરડાની મધ્યમાં લાલ પટ્ટી અને બીજી બે સફેદ પટ્ટીઓ કેટલા ફૂટ દૂર બાંધવામાં આવે છે ?

(A) 6 - 6 ફૂટ
(B) 6.5 - 6.5 ફૂચ
(C) 7 - 7 ફૂટ
(D) 7.5 - 7.5 ફૂટ

(37) રાષ્ટ્રિય સેવા યોજના માટે ઓછામાં ઓછી કેટલી વિશિષ્ટ પ્રવૃત્તીઓ કરવાની હોય છે ?

(A) 11:11 (B) 11:06

(C) 11:03 (D) 11:01

(38) સૂર્યનમઃ સ્કારમાં આઠમી સ્થિતિમાં કયા આસનની રચના થાય છે ?

(A) દંડાસન (B) નમઃ સ્કારાસન

(C) સૂર્યાસન (D) પર્વતાસન

(39) ગુરૂત્વમધ્યબિંદુ બાબતે ક્યુ વિધાન ઉચિત નથી. તે જણાવો.

(A) શરીર ભારનું કાલ્પનિક કેન્દ્ર બિંદુ છે.

(B) શરીરના સંપૂર્ણ વજનનું કેન્દ્રીકરણ થાય છે.

(C) શરીરના બધા અવયવોનું સમતોલન જળવાય છે.

(D) શરીર રચનાની પ્રાથમિક અવસ્થા છે.

(40) રમત ચિકિત્સાશાસ્ત્રના પ્રથમ સંશોધન અભ્યાસ વર્ગમાં ભારતમાંથી મોકલેલ ડૉક્ટરમાંથી એકનું નામ અહીં ખોટું છે. તે જણાવો.

(A) ડૉ. આલોક ઘોષ (કલકત્તા)

(B) ડૉ. રવિન્દ્ર દત્ત (અગરતલા)

(C) ડૉ. સી. વી. રામન (બેંગ્લોર)

(D) ડૉ. ડી. પી. ત્રિપાઠી (પટણા)

(41) લયબદ્ધ તાલપ્રવૃત્તી માટે કઈ સાધન પ્રવૃત્તિ સંગીતમય બનાવે છે ?

(A) લાઠી (B) લેજીમ

(C) ડંબેલ્સ (D) ઉપરની તમામ

(42) ટેબલટેનિસના દડાનો વ્યાસ કેટલો હોય છે ?

(A) 36.2 મિલિમિટર (B) 37.2 મિલિમિટર

(C) 38.2 મિલિમીટર (D) 40.0 મિલિમિટર

(43) બાસ્કેટબૉલ રમતમાં દડો જે ટૂકડીના કાબૂમાં હોય તેનો કોઈ ખેલાડી સામા પક્ષના અંકુશિત પ્રદેશમાં સતત કેટલા સમય સુધી રહી શકતો નથી ?

(A) 12 સેકન્ડથી વધુ (B) 3 સેકન્ડથી વધુ

(C) 5 સેકન્ડથી વધુ (D) 8 સેકન્ડથી વધુ

(44) બાસ્કેટબૉલની રમતમાં રમનાર ખેલાડી અને અવેજી ખેલાડીઓ કેટલા હોય છે ?

(A) 7 રમનાર 5 અવેજી (B) 5 રમનાર 5 અવેજી

(C) 5 રમનાર 7 અવેજી (D) 7 રમનાર 7 અવેજી

(45) સોફ્ટબૉલ રમતમાં દરેક ટુકડીમાં કેટલા ખેલાડીઓ રમનાર હોય છે ?

(A) 9 ખેલાડીઓ (B) 6 ખેલાડીઓ

(C) 11 ખેલાડીઓ (D) 10 ખેલાડીઓ

(46) ફૂટબૉલ રમતમાં એક દાવનો સમય કેટલો હોય છે ?

(A) 40 મિનિટ (B) 45 મિનિટ

(C) 50 મિનિટ (D) 55 મિનિટ

(47) ક્રિકેટ રમતમાં બેટની લંબાઈ વધારેમાં વધારે કેટલી હોય છે ?

(A) 92.5 સેમી (B) 90.5 સેમી

(C) 94.5 સેમી (D) 96.5 સેમી

(48) હૉકી રમત મેદાનમાં શૂટીંગ સર્કલ દોરવા માટે દરેક બૉલ સ્તંભથી કેટલા મીટરની ત્રિજ્યા લેવામાં આવે છે ?

(A) 14.75 મીટર (B) 14.90 મીટર

(C) 15.00 મીટર (D) 14.63 મીટર

(49) બેડમીંટન રમતનું મધ્યરેખાથી શોર્ટસર્વિસ લાઇનનું અંતર કેટલું હોય છે ?

(A) 1.95 મીટર (B) 1.65 મીટર

(C) 2.00 મીટર (D) 2.05 મીટર

(50) મધ્યમ પ્રસ્થાનમાં જગહ પે માં સ્પર્ધક પોતાનો અંગૂઠો અને આંગળા કયા આકારે પ્રસ્થાન રેખા પાછળ ગોઠવે છે ?

(A) $\vee$ (B) $\cap$

(C) $\wedge$ (D) $\cup$

(51) વિઘ્ન દોડની હરીફાઈમાં હરીફે કેટલા વિઘ્નો પસાર કરવાના હોય છે ?

(A) 8 (B) 6

(C) 10 (D) 12

(52) 110 મીટર વિઘ્ન દોડની હરીફાઈમાં પુરુષો માટે વિઘ્નની ઊંચાઈ કેટલી રાખવામાં આવે છે ?

(A) 1.067 મીટર (B) 0.840 મીટર

(C) 0.762 મીટર (D) 0.910 મીટર

(53) લંગડીફાળ કૂદ પ્રવૃત્તિમાં પુરુષ ખેલાડી માટે ખાડાની અંદરની ધારથી ઠેકપાટિયા વચ્ચેનું અંતર કેટલું હોય છે ?

(A) 9 મીટર (B) 13 મીટર

(C) 15 મીટર (D) 11 મીટર

(54) ખેલાડીની ઉછાળ-શક્તિનું માપન કઈ કસોટી દ્વારા કરી શકાય.

(A) સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ (B) સીધો-ઊંધો કૂદકો

(C) શટલરન (D) 800 મીટર દોડ

(55) હથોડા ફેંક પ્રવૃત્તિમાં હથોડાનું વજન ભાઈઓના વિભાગ માટે કેટલું હોય છે ?

(A) 7.26 કિ.ગ્રા. - 7.300 કિ.ગ્રા

(B) 7.265 કિ.ગ્રા. - 7.285 કિ.ગ્રા

(C) 7.286 કિ.ગ્રા. - 7.295 કિ.ગ્રા

(D) 7.296 કિ.ગ્રા. - 7.298 કિ.ગ્રા

(56) ખો-ખોની રમતમાં કેટલા ખેલાડીઓ ચોરસમાં બેસે છે ?

(A) 5 (B) 8

(C) 7 (D) 9

(57) કરાટે રમતમાં સબજુનિયર ભાઈ/બહેનો માટેનો સમય કેટલો હોય છે ?

(A) 3 મિનિટ (B) 2 મિનિટ

(C) 2 થી 3 મિનિટ (D) 4 મિનિટ

(58) ભારતીય ધ્વજ સંહિતા-ભાગ-બે (2) માં નીચેનામાંથી કઈ માહિતી આપેલ છે ?

(A) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારોને રાષ્ટ્રધ્વજ ફરકાવવાની માહિતી

(B) રાષ્ટ્રિય ધ્વજની સામાન્ય સમજ

(C) સંગઠનો અને શૈક્ષણિક સંસ્થાઓએ ધ્વજ ફરકાવવાની માહિતી

(D) એજન્સીઓને ધ્વજ ફરકાવવાની માહિતી

(59) અંતરંગ યોગનું પ્રથમ અંગ કયુ છે ?

(A) સમાધિ (B) ધારણા

(C) ધ્યાન (D) આસન

(60) પ્રાણાયામ માટે કઈ મુદ્રાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) જ્ઞાન મુદ્રા (B) પ્રણવ મુદ્રા

(C) વિપરીતકરણી મુદ્રા (D) શૂન્ય મુદ્રા

(61) કયા પ્રકારની મુદ્રાનો નિયમીત અભ્યાસ કરવાથી શરીરમાં શક્તિ, સ્ફૂર્તિ, ઓજસ્વિતા અને તેજસ્વીતા આવે છે ?

(A) વરુણ મુદ્રા (B) હૃદય મુદ્રા

(C) જ્ઞાન મુદ્રા (D) પૃથ્વી મુદ્રા

(62) ગોમુખાસનમાં "ગોમુખ"નો આકાર ક્યાં થાય છે ?

(A) પીઠ પાછળ (B) કમર પાસે

(C) બંને ઘૂટણ પાસે (D) ખભા પાસે

(63) ખોરાકના કયા ઘટકમાંથી સૌથી વધારે કેલેરી મળે છે ?

(A) કાર્બોહાઈડ્રેટ (B) પ્રોટીન

(C) ફેટ્સ (D) ક્ષારો

(64) કયુ ષટ્કર્મ ઉર્ધ્વજત્રુગત રોગોમાં ફાયદો આપે છે ?

(A) નૌલી (B) સૂત્ર નેતી

(C) કપાલભાતી (D) ત્રાટક

(65) સમૂહ કવાયત માસ પી.ટી. ટેબલ-1 અને 2 ના દાવો કેટલા છે ?

(A) 8 + 3 (B) 10 + 5

(C) 11 + 6 (D) 5 + 10

(66) તનન્દુરસ્ત અને મનન્દુરસ્ત જીવન કેવી રીતે જીવવું તે અંગેનું માર્ગદર્શન, અભ્યાસ-સંશોધન સાથે મનોવિજ્ઞાનની કઈ શાખા સંકળાયેલી છે ?

(A) રમતગમતનું મનોવિજ્ઞાન

(B) પર્યાવરણલક્ષી મનોવિજ્ઞાન

(C) સ્વાસ્થ્ય મનોવિજ્ઞાન

(D) સલાહ મનોવિજ્ઞાન

(67) કયા મનોવૈજ્ઞાનિકે કહ્યું હતું કે બાળકને ચોક્કસ વાતાવરણ પૂરું પાડવામાં આવે તો તેનો વિકાસ ચોક્કસ રીતે કરી શકાય છે ?

(A) પિપાજે (B) વૉટસન

(C) એસ્કિસન (D) કોહલર

(68) શૈક્ષણિક હેતુઓના વર્ગીકરણમાં જ્ઞાનાત્મક ક્ષેત્રમાં બ્લૂમના વર્ગીકરણનાં આધારે આપેલા વિકલ્પમાંથી શું નથી ?

(A) પૃથ્થકરણ (B) સંયોગીકરણ

(C) અર્થઘટન (D) પ્રતિચાર

(69) નીચેનામાંથી કયો બુદ્ધિનો સિદ્ધાંત નથી.

(A) સામર્થ્ય સિદ્ધાંત (B) દ્વિઘટક સિદ્ધાંત

(C) જૂથ ઘટક સિદ્ધાંત (D) સામાજિક વિકાસ સિદ્ધાંત

(70) બુદ્ધિમાં સામાન્ય ઘટક જેવું કોઈ ઘટક હોતુ નથી, પરંતુ બુદ્ધિ એ પ્રાથમિક માનસિક શક્તિઓના સંયોજનથી વિકસિત થાય છે. એવું કોણે કહ્યું હતું ?

(A) કેટલ
(B) થોર્નડાઈક
(C) વર્નન
(D) લુઈસ એલ. થર્સ્ટન

(71) પરીક્ષાખંડમાં નિરીક્ષક છે તેથી કોપી ન કરવી જોઈએ એવું કોણ સમજાવે છે ?

(A) તતત્ત્વ
(B) અહમ
(C) અધિઅહમ્
(D) તતત્ત્વ અને અહમ

(72) નીચે આપેલા વિકલ્પોમાંથી માનાંકના પ્રકાર નથી ?

(A) વય માનાંક
(B) વિશિષ્ટ જૂથ માનાંક
(C) વ્યવસાયિક માનાંક
(D) પૃથક્કરણ માનાંક

(73) બર્મિંગધમ કોમનવેલ્થમાં પેરા ટેબલટેનિસમાં ગુજરાતના કયા સ્ટાર ખેલાડીએ ઇતિહાસ રચેલો ?

(A) સાનિયા મિર્ઝા
(B) પી. વી. સિંધુ
(C) મિથાલી રાજ
(D) ભાવિના પટેલ

(74) વર્લ્ડકપ હૉકી 2023 ની વિજેતા ટીમનું નામ આપો ?

(A) જર્મની
(B) બ્રાંઝીલ
(C) ભારત
(D) પાકિસ્તાન

(75) ભાલા ફેંકમાં (ઝેવેલીયેનથ્રો) નવો કિર્તીમાન બનાવનાર ખેલાડી નીચેમાંથી કોણ છે ?

(A) સીમા પુનિયા
(B) નિરજ ચોપડા
(C) અવિનાસ મુકુંદ સાવેલ
(D) ઓમપ્રકાશ મિર્થવલ

(76) રણજીત ટ્રોફી ક્રિકેટ 2022-23નો ખિતાબ કોને મળેલ છે ?

(A) સૌરાષ્ટ્ર
(B) પશ્ચિમ બંગાળ
(C) દિલ્હી
(D) મહારાષ્ટ્ર

(77) ફિફા વર્લ્ડ કપ 2022 માં કયો દેશ ઉપવિજેતા બનેલ હતો.

(A) બ્રાઝિલ
(B) ફ્રાન્સ
(C) આર્જેંટિના
(D) અમેરિકા

(78) નીચેના પૈકીમાંથી બેડમિન્ટન ખેલાડીને ઓળખો.

(A) વિરાટ કોહલી
(B) પુલેલા ગોપીચંદ
(C) અભિનવ બિન્દ્રા
(D) ભક્તિ પ્રદિપ કુલકર્ણી

(79) કબડ્ડીમાં સિનિયર ભાઈઓ માટે મેદાનનું માપ કયું છે ?

(A) 13.00 મીટર x 10.00 મીટર

(B) 12.00 મીટર x 10 મીટર

(C) 11.00 મીટર x 10 મીટર

(D) 11.50 મીટર x 10.50 મીટર

(80) ગોળાફેંકના ફેંક પ્રદેશનો ખૂણો કેટલો હોય છે ?

(A) $33.92^0$ (B) $34.92^0$

(C) $35.92^0$ (D) $36.92^0$

(81) અષ્ટાંગ યોગનું પાંચમું અંગ કયું છે ?

(A) ધારણા (B) પ્રાણાયામ

(C) આસન (D) પ્રત્યાહાર

(82) "ઓસ્ટીયોપોરોસીસ"ના દર્દીઓ માટે કયું આસન ઉપકારક છે ?

(A) સેતુકાસન (B) ચક્રાસન

(C) ઉષ્ટ્રાસન (D) પવનમુક્તાસન

(83) શ્વાસ બહાર નીકળવાની ક્રિયાને શું કહે છે ?

(A) રેચક (B) પૂરક

(C) આંતઃકુંભક (D) બાહ્ય કુંભક

(84) કઈ મુદ્રામાં બંને અંગૂઠા મેળવવાથી અગ્નિઊર્જા ઉત્પન્ન થાય છે ?

(A) પ્રાણ મુદ્રા (B) વિતરાગ મુદ્રા

(C) જ્ઞાન મુદ્રા (D) શંખ મુદ્રા

(85) બંને હાથના અંગૂઠા અને પ્રથમ આંગળીના અગ્રભાગને જોડવાથી કઈ મુદ્રા બને છે ?

(A) પ્રાણ મુદ્રા (B) વિતરાગ મુદ્રા

(C) જ્ઞાન મુદ્રા (D) પૃથ્વી મુદ્રા

(86) વૉલીબૉલની રમતમાં થાંભલાની ઊંચાઈ જમીનથી કેટલી હોય છે ?

(A) 2.55 મીટર (B) 2.70 મીટર

(C) 2.40 મીટર (D) 1.22 મીટર

(87) ફૂટબોલ રમત માટેનું ખાસ કૌશલ્ય કયું છે ?

(A) ડ્રિબલીંગ (B) કિકીંગ

(C) ટ્રેપિંગ (D) હેડીંગ

(88) વિશ્વની સૌથી વધુ લોકપ્રિય રમત કઈ છે ?

(A) ક્રિકેટ (B) હૉકી

(C) વૉલીબોલ (D) ફૂટબોલ

(89) પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષણ વિષય શીખવા સંબંધી સમસ્યાઓના નિરાકરણ માટે સર્વશ્રેષ્ઠ પ્રક્રિયા કઈ છે ?

(A) શાળામાં પ્રશ્ન પેટી મુકવી.

(B) સરળ અને રોચક પાઠ્યપુસ્તકોનો અમલ કરવો.

(C) સમયાંતરે કસોટીઓનું આયોજન કરવું.

(D) વિદ્યાર્થીઓની ક્ષમતાઓ તથા યોગ્યતારૂપ વિવિધ શિક્ષણ પ્રણાલીનો અમલ કરવો.

(90) સૌથી વધુ વૈજ્ઞાનીકતાના ગુણની જરૂરીયાત કયા કક્ષાના અભ્યાસક્રમના નિર્માણમાં ધ્યાનમાં રાખવી જોઈએ ?

(A) અનુસ્નાતક કક્ષાના

(B) સ્નાતક કક્ષાના

(C) માધ્યમિક કક્ષાના

(D) પ્રાથમિક કક્ષા અને ઉચ્ચ પ્રાથમિક કક્ષાના

(91) ભાર વિનાના ભણતરની જોગવાઈ કઈ સમિતિએ કરી હતી ?

(A) હંસા મહેતા સમિતિ

(B) મનુભાઈ પંચોળી સમિતિ

(C) ગિજુભાઈ બધેકા સમિતિ

(D) પ્રો. યશપાલ સમિતિ

(92) રમત દ્વારા આનંદમય શિક્ષણ આપવાની હિમાયત કોણે કરી હતી ?

(A) જુગતરામ દવે (B) રમણલાલ સોની

(C) ગિજુભાઈ બધેકા (D) મનુભાઈ પંચોળી

(93) ગુજરાતના કયા ખેલાડીનું અર્જુન એવૉર્ડ આપી સન્માન કરવામાં આવ્યું છે ?

(A) માના પટેલ (B) અનસુલ કોઠારી

(C) હરમિત દેસાઈ (D) પુજા ચૌરુષી

(94) ગુજરાત સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે કયો એવૉર્ડ આપવામાં આવતો નથી ?

(A) જયદિપસિંહજી એવૉર્ડ

(B) દ્રોણાચાર્ય એવૉર્ડ

(C) સરદાર પટેલ એવૉર્ડ

(D) એકલવ્ય એવૉર્ડ

(95) ખેલમહાકુંભ 2022-23માં સમગ્રપણે (ઓવર ઓલ) કયો જિલ્લો ચેમ્પિયન થયેલ હતો ?

(A) સુરત
(B) અમદાવાદ
(C) વડોદરા
(D) રાજકોટ

(96) શિક્ષક તરીકે રમતમાં ઉપયોગી સમતોલના સિદ્ધાંત માટે ખેલાડીમાં કઈ બાબતનું ધ્યાન રાખશો ?

(A) ન્યૂટનના ગતિના નિયમો
(B) ગુરુત્વ મધ્યબિંદુ
(C) ગુરુત્વાકર્ષણ બલ
(D) ઉચ્ચાલના નિયમો

(97) સિનિયર ભાઈઓ માટે ખો-ખોના મેદાનમાં મુક્ત-પ્રદેશનું માપ શું હોય છે ?

(A) 1.50 મીટર
(B) 2.55 મીટર
(C) 2.30 મીટર
(D) 1.90 મીટર

(98) કઈ તાલીમમાં ખેલાડીઓ માટે કામ કરવાની ઝડપ, કામ કરવાના આવર્તન અને આરામનો પ્રકાર ખૂબ જ વિચારપૂર્વક નક્કી કરવામાં આવે છે ?

(A) આઇસોમેટ્રિક ટ્રેઇનિંગ
(B) આઇસોટોનિ ટ્રેઇનિંગ
(C) ઇન્ટરવલ ટ્રેઇનિંગ
(D) પ્રેસર ટ્રેઇનિંગ

(99) "બગલી" કૌશલ્ય કઈ રમતમાં ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) કરાટે
(B) જુડો
(C) કુસ્તી
(D) ટેકવેન્ડો

(100) તરણની રમતમાં પગની કિકનો પાવર વધારવા માટે કયા સાધનનો ઉપયોગ કરશો ?

(A) સ્નુકર
(B) પૂલબોય
(C) ફિલીપર
(D) પેડલ

◆◆◆